# લેકાવાડા રોડ પર સડસડાટ આવતી ટ્રકે એરમેનનો જીવ લીધો

## બે એરફોર્સના કર્મીઓ બાઈક પર એરફોર્સ સ્ટેશનથી નીકળ્યા ને પાછળથી આવતી ટ્રકે ટક્કર મારી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-ચિલોડા હાઈવે પર આવેલા એરફોર્સ સ્ટેશનથી એક બાઈક પર બે એરમેન નીકળ્યા અને લેંકાવાડા પાસે પહોંચ્યા તે દરમ્યાન પાછળથી સડસડાટ આવી રહેલી એક ટ્રકે બાઈકને અડફેટે લઈ લીધુ હતું. બાઈક પર સવાર બન્ને એરફોર્સના કર્મીઓ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા. જેમાં એક ૨૧ વર્ષીય કર્મીનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેના સાથીદારને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ચિલોડા પોલીસે ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ખાતે સ્થિત એરફોર્સ સ્ટેશન ખાતે રહેતા અને એરફોર્સમાં એરમેન તરીકે ફરજ બજાવતા ૨૧ વર્ષીય રાજેશકુમાર ભુદેવસિંહ અને સાથીદાર દેવેન્દ્રસિંહ અર્જુનસિંહ તોમર બન્ને બાઈક નં. જીજે-૧૮-સી.ડી.-૪૭૧૯ લઈને એરફોર્સ સ્ટેશનથી બહાર લેકાવાડા રોડ પર નીકળ્યા હતા. દરમ્યાન તિવ્ર ગતિએ આવી રહેલા ટ્રક નં. જીજે-૧૮-એ.યુ.-૭૫૩૧ના ચાલકે પાછળથી બાઈકને અડફેટે લઈ લેતા બાઈક સાથે બન્ને ફંગોળાઈને જબરદસ્ત હાલતમાં ઢસડાયા હતા. આ અકસ્માતમાં દેવેન્દ્રસિંહને હાથે-પગે ઈજાઓ થતા હોસ્પિટલમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડી દાખલ કરવામાં આવ્યા છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

જયારે રાજેશકુમાર ભુદેવસિંહને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ચિલોડા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિલાવરખાને ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવીને ફરાર થઈ ગયેલા ડ્રાઈવરની શોધખોળ શરૂ કરી છે.

# વલાદ પાટીયા પાસે ટ્રક-ટેન્કર વચ્ચે અકસ્માત : ડ્રાઈવર ગંભીર

## અકસ્માતમાં ફસાઈ ગયેલા ડ્રાઈવરને ભારે જહેમત બાદ બહાર કઢાયો : ત્રણ કલાક સુધી રસ્તો બંધ રહ્યો

ગાંધીનગર, તા.૧૮

ચિલોડા નરોડા હાઈ-વે પર આવેલ વલાદ ગામના પાટીયા પાસે ટ્રક અને ટેન્કર સામ સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને વાહનોનો ફુરચો બોલાઈ ગયો હતો. અકસ્માતમાં ડ્રાઈવરને ઈજા પહોંચતા સારવાર અર્થે લઈ જવાયો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિતી અનુસાર ચિલોડા-નરોડા હાઈ-વે પર આવેલા વલાદ ગામના પાટિયા પાસે ટ્રક ઓવરટેક કરવા જતા સામેથી આવી રહેલી ટેન્કર સામ સામે અથડાયા હતા. બંને વાહનોનો ફુરચો બોલાઈ ગયો હતો. જયારે અકસ્માતમાં ફસાઈ ગયેલા ડ્રાઈવર મુકતાર મહંમદ શેખને (ઉ.વ.૪૨ રહે. જુહાપુરા) ભારે જહેમત બાદ પતરું કાપીને બહાર નીકાળવામાં આવ્યો હતો અને સારવાર માટે લઈ જવાયો હતો. જયારે અકસ્માતના ભયાનક અવાજથી આસપાસના ગ્રામજનો ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને બચાવ કામગીરી આરંભી હતી. ચિલોડાથી અમદાવાદ તરફના મુખ્ય માર્ગ પર અકસ્માત થતાં રસ્તો બંધ થઈ જતાં ટ્રાફિક જામ વધી ગયો હતો. વાહનચાલકો ત્રણ કલાક સુધી માર્ગમાં અટવાયા હતા. ઘટનાની જાણ ડભોડા પોલીસને થતાં તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી અને વાહનો હટાવી ટ્રાફિક નિયમનની કામગીરી કરી હતી. અને બંને વાહનચાલકો વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આવાસ રીનોવેશનની કામગીરી સેઈફ સ્ટેજ સુધી પૂર્ણ કરવા સૂચના

## ચોમાસામાં ધાબા ન ખોલવા તેમજ બાકી પ્લાસ્ટર કામ ઝડપભેર પૂર્ણ કરવા તંત્રનું ફરમાન

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં સ્થિત કંગાળ સરકારી આવાસોના મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે વરસાદી દિવસો દરમિયાન ચાલતી મજબૂતીકરણની કામગીરી તાત્કાલિક સેઈફ સ્ટેજ સુધી પૂર્ણ કરી દેવા વિભાગ કક્ષાએથી સૂચના આપવામાં આવી છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો જાળવણીના અભાવે ખંડેર બનતા આ આવાસોનું તબક્કાવાર મજબૂતીકરણ હાથ ધરવામાં આવે છે. શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસો પૈકી ૪૦ ટકા આવાસો રીનોવેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જયારે અન્ય આવાસોમાં પણ મજબૂતીકરણનું કામ હાથ ધરવામાં આવ્યું છે. શહેરમાં નિકાલ હેઠળના મકાનો ઉપરાંત ઘણા ખરા આવાસોની સ્થિતિ ભયજનક હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. જયારે ચોમાસા દરમિયાન ભયજનક આવાસોના લીધે કોઈ અકસ્માત કે નુકશાન ન થાય તે મામલે પણ તંત્રએ સાવધાની દાખવવા નિર્ણય લેવાયો છે.

શહેરના અમુક સેકટરોમાં હાલ આવાસોના મજબૂતીકરણનું કામ ચાલી રહ્યું છે. જયારે વરસાદી દિવસોમાં કામગીરી દરમિયાન જોખમી સ્થિતિ ન ઉદભવે તે માટે વિભાગ દ્વારા ઝડપભેર આવાસોનું કામ સલામત તબક્કા સુધી પૂર્ણ કરી દેવા જણાવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આવાસોના ધાબા ન ખોલવા ઉપરાંત પ્લાસ્ટર સહીતનું કામ ઝડપભેર પૂર્ણ કરવા જણાવાયું છે. જેથી મકાનોમાં વરસાદી પાણી ન ઉતરે અને જોખમી સ્થિતિને ટાળી શકાય.

## ભાજપના સબીહા ભાનાને અભિનંદન

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રદેશ અધ્યક્ષ



આર.સી. ફળદુ, સાંસદ પુરૂષોત્તમ રૂપાલાના આશીર્વાદથી રાષ્ટ્રીય અલ્પ સંખ્યક મોરચાના અધ્યક્ષ અબ્દુલ રસીદ અન્સારીએ ગાંધીનગરની યુવા અગ્રણી અને કર્મઠ કાર્યકર મહિલા સબીહા ભાનાને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અલ્પ સંખ્યક મોરચાના કારોબારી સભ્ય તરીકે વરણી થવા બદલ અભિનંદન પાઠવ્યા છે. ગાંધીનગર જિલ્લા, શહેર અને તમામ હોદ્દેદારોએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે.

## બાજ ખેડાવાળા મંડળ ગાંધીનગર શૈક્ષણિક પુરસ્કાર એનાયત કરશે

ગાંધીનગર, તા. ૧૮

૨૦૧૨-૧૩ દરમ્યાન ગાંધીનગર સ્થિત બાજ ખેડાવાળા જ્ઞાતિજનોના નર્સરી- રેજીના તમામ બાળકોને, ધોરણ ૧થી ૧૦ તેમજ ધોરણ-૧૨ના બંને પ્રવાહનાં પ્રથમ એકથી ત્રણ સુધીના વિદ્યાર્થીઓને કોલેજના છેલ્લા વર્ષમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર સહિતના ઈનામ વિતરણ હેતુથી તા. ૨૮મી જુલાઈના રોજ સેકટર-૨૩ની લગ્નવાડીમાં કાર્યક્રમ રાખેલ છે. તો મંડળના પ્રમુખ કિરણભાઈ પંડ્યાનો મો. ૯૮૨૪૧ ૮૪૩૯૫ પ્લોટ નં. ૩૫૯/૧, સેકટર-૫/એ, ગાંધીનગર ખાતે પહોંચાડવા જાણ કરવામાં આવે છે.

## શ્રીરંગ પાર્ક કો.ઓ.હા. સર્વિસ સોસાયટીની ૩૦મી જૂને સામાન્ય સભા

શ્રી રંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૩૦મી જૂનના રોજ ૧૬ કલાકે સોસાયટીની ઓફિસે મળશે. જેમાં એજન્ડા પ્રમાણે કાર્યવાહી થશે. પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ, મંત્રીશ્રી અમૃતભાઈ પટેલે જણાવેલ છે.

## સરઢવ ગામે મફત સ્ત્રી રોગ નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામે તાજેતરમાં મફત સ્ત્રી રોગ નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ૧૬૪ જેટલા દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. સરઢવ ગ્રામ વિકાસ મંડળ અને વેલાતર પાર્ટી પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રેવાબાઈ જનરલ હોસ્પિટલ, સરઢવ ખાતે સ્ત્રી રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ અમદાવાદના નિષ્ણાંત ડૉક્ટરોએ ૧૬૪ દર્દીઓને તપાસી યોગ્ય નિદાન કર્યું હતું. સરઢવ ગામ અને તેની આસપાસની બહેનોએ સમગ્ર કેમ્પનો સફળ રીતે લાભ લીધો હતો.

## મોટાબાર કડવા સમાજના યાત્રાળુઓ સલામત છે

શ્રીમોટા બાર ગામ કડવા પાટીદાર ગાંધીનગરની ભવાની ટ્રાવેલ્સ મારફતે ચારધામની યાત્રાએ ગયેલા તમામ યાત્રાળુઓ સલામત છે. હાલમાં ઉપર કાશીમાં રોકાણ કરેલ છે. પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ (ફોરેસ્ટ)વાળાએ મોબાઈલ મારફતે જણાવેલ છે.




ગાંધીનગર એસ.ટી. બસ સ્ટોપની હદમાં ખાનગી વાહનો મુકવાની મનાઈ ફરમાવતાં બોર્ડ મૂકવા છતાં નિયમની ઐસી તૈસી કરી વાહનોનું પાર્કિંગ કરાય છે. આનાં લીધે ગમે તે સમયે અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ચપ્પલ ચોર ટોળકીથી સિવિલ હોસ્પીટલમાં આવતા દર્દીઓ પરેશાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસોથી ચપ્પલ ચોર ટોળકીનો આંતક વધતો જાય છે. ઓપરેશન થિયેટર, ઓપીડી અને વોર્ડની બહાર ઉતારેલા દર્દીઓના ચપ્પલ અવારનવાર ચોરાતા હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

દરરોજ હજ્જારોની સંખ્યામાં જ્યાં દર્દીઓની અવરજવર રહેતી હોય છે તે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં ચપ્પલ ચોરનો આંતક વધતો જાય છે. છેલ્લા કેટલાક માસથી આ ટોળકીનો આતંક ખુબ વધી જતા દર્દીઓ પરેશાન છે. ઓપીડીમાં બતાવવા આવેલા દર્દીઓ તથા ઓપરેશન થિયેટર અને વોર્ડમાં જતા પહેલા દર્દીઓ અને તેમના સગા સંબંધીઓએ પોતાના ચંપલ બહાર જ ઉતારવા પડે છે. દર્દીઓ ડોકટરને બતાવીને ઓપીડી રૂમની બહાર આવે તેટલી વારમાં તો ચંપલ ચોરાઈ જતાં હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. દિવસમાં ચાર-પાંચ વ્યક્તિઓના ચંપલ ચોરાઈ જાય છે. મોંઘવારીના સમયમાં તો હવે ચંપલ પણ મોંઘા આવે છે. ત્યારે ચંપલ ચોરાઈ જતાં દર્દીઓને તકલીફ પડે છે. સિવિલમાં સિક્યોરીટી વ્યવસ્થા ગોઠવવી હોવા છતાં આવા બનાવો સુરક્ષામાં છીંડા હોવાનો નિર્દેશ કરે છે.

# ડ્રાઈવીંગ ટ્રેકમાં કાર રીવર્સમાં લેતા સેન્સર તોડી ડીવાઈડર સાથે અથડાઈ

## ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા કારચાલકનો અકસ્માત કાર અને ટેસ્ટીંગ ટ્રેકને નુકશાન

ગાંધીનગર, તા. ૧૮

હાઈટેક આર.ટી.ઓ. કચેરીના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકમાં આજે ડ્રાઈવીંગ ટેસ્ટ આપતા કારચાલકને અકસ્માત નડ્યો હતો. કાર રીવર્સમાં લેતી વેળાએ કારચાલકે કાબુ ગુમાવતા કાર સેન્સર તોડી ડીવાઈડર સાથે અથડાઈ હતી. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી.

આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા બે મહીનાથી ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક શરૂ કરી દેવાયો છે. જેના અંતે હવે વાહનચાલકોને લાયસન્સ મેળવવા માટે ટ્રેકની આકરી કસોટીમાંથી પાર થવુ પડે છે. લાયસન્સ મેળવવા માટે વાહનચાલકોને અંગ્રેજી આઠ અને રીવર્સ એસમાં વાહન ચલાવવું પડે છે. ફોર વ્હીલરના ચાલકો સાથે દ્વી-ચક્રી વાહનચાલકોએ પણ ટ્રેક પર આ મુજબ ટેસ્ટ આપવો પડે છે.

પરંતુ વાહનચાલકો માટે આ ટેસ્ટીંગ ટ્રેક જોખમી પુરવાર થયો હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. છેલ્લા બે મહીનામાં ટ્રેક પર અકસ્માતના ત્રણ બનાવો બન્યા છે. અગાઉ પણ અકસ્માત દરમિયાન વાહનચાલકને ઈજા થઈ હતી જ્યારે આજે બપોરે પણ સેન્સર ટ્રેક ઉપર કાર રીવર્સમાં લેતી વેળાએ કારચાલકે કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. કારચાલકની ગફલતના લીધે કાર સેન્સર તોડી ડીવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કાર તેમજ ટ્રેકને નુકશાન થયું હતું. જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. ડ્રાઈવીંગ ટ્રેક પર વારંવાર અકસ્માતો થતાં તંત્ર દ્વારા આ મામલે વાહનચાલકોને યોગ્ય માર્ગદર્શન આપી ટ્રેકમાં ટેસ્ટ માટે તૈયાર કરવા વ્યવસ્થા ગોઠવાય તેવું આયોજન કરવું જોઈએ તેવો સૂર પણ ઉઠવા પામ્યો છે.

# તારની વાડ તોડી દબાણ કરતા ઈસમો સામે કિશાનનગરનો જન આક્રોશ

## દબાણ ન કરવાનું બોર્ડ છતાં ઢોર ઢાંખર બાંધી હક જમાવતા દબાણકારો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના અમુક વિસ્તારોમાં આજે પણ ગેરકાયદેસર ઢોરવાડા બની ગયા છે. સેકટર-૨૬માં કિશાનનગર ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરની પાછળ છેલ્લા ઘણા સમયથી ઢોરવાડો હટાવી તારની વાડ કરવામાં આવી હતી પરંતુ દબાણકારોએ તારની વાડને તોડીને ફરીથી ઢોર બાંધવાની પેરવી શરુ કરી છે. જે બાબતે સ્થાનિકજનોમાં આક્રોશ પ્રવર્ત્યો છે અને દબાણ અટકાવવા પાટનગર યોજના વિભાગને રજૂઆત કરી છે.

શહેરના કિશાનનગર ચીપ ટાઈપ શોપિંગ સેન્ટરની પાછળ અગાઉ ગેર કાયદેસર ઢોરવાડો તથા ઝૂંપડપટ્ટી હતી. તંત્રને ફરિયાદ કરતાં તે દબાણ હટાવીને ત્યાં તારની વાડ કરવામાં આવી હતી. જેથી ફરી દબાણ ન થાય!!! પરંતુ હવે એ જ દબાણ કરવાવાળા લોકોએ ફરી એ તારની વાડ તોડીને ત્યાં ઢોરવાડા કરવાની શરૂઆત કરી છે. ઘણી ખરી જગ્યાએ તારની વાડને તોડી નાખીને ગાયોને અંદર રખડતી કરી છે. ત્યાં ઢોરોને બાંધે છે. દબાણ કરવાવાળા લોકોને ઢોર રાખવા બાબતે પ્રાંત અધિકારીએ આ લોકો ઉપર કાર્યવાહી કરી તારની વાડ કરી હતી. પાટનગર યોજના વિભાગ દ્વારા 'અહીં દબાણ નહીં કરવું' તેવું નોટીસ બોર્ડ માર્યું હતું. અહીં રહેતા અસામાજિક તત્વોએ આ તારની વાડને નુકસાન કરી ફરી ઢોર ઢાંખર બાંધવાની પેરવી કરી રહ્યા છે. જે બાબતે સ્થાનિક જનોએ વિરોધ પ્રદર્શિત કર્યો છે.

# ૨૫ % ગરીબ બાળકોને ખાનગી શાળાઓએ પ્રવેશ આપવો પડશે

## ૨૫ ટકા બાળકોને વિનામુલ્યે શિક્ષણ આપવું પડશે

અમદાવાદ, તા. ૧૮

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૧૨માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન-અનુદાનિત પ્રાથમિક શાળામાં ૨૫ ટકા પ્રવેશ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

આ જોગવાઈઓ પ્રાથમિક ધોરણે-૮ મહાનગરપાલિકાઓ માટે દાખલ કરવામાં આવે છે. પ્રાયોગિક ધોરણે-૮ મહાનગરપાલિકાઓમાં આશરે ૫૩૦૦ બાળકો માટે આ યોજનાનો અમલ કરવામાં આવશે જેમાં અમદાવાદ-૨૦૦૦, સુરત-૧૦૦૦, વડોદરા-૮૦૦, રાજકોટ-૫૦૦ અને ભાવનગર, જામનગર, જૂનાગઢ તથા ગાંધીનગર પ્રત્યેક મહાનગરપાલિકામાં ૨૫૦ બાળકોની સંખ્યા રહેશે.

નબળા વર્ગને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧ના વર્ગની કુલ સંખ્યામાં ઓછામાં ઓછા ૨૫ ટકાની સંખ્યામાં ધોરણ-૧માં પ્રવેશ અપાશે. તે બાળકોને ધોરણ-૮ સુધીનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી વિનામૂલ્યે/ફરજિયાત શિક્ષણ પુરૂં પડાશે.

જેના માં-બાપ, વાલીનો બીપીએલ કુટુંબમાં સમાવેશ થયેલ હોય અથવા જેની વાર્ષિક આવક સરકાર દ્વારા નિયત કરેલ છે તેવા અને અનુસૂચિત જાતિ, જનજાતિ, પછાત વર્ગોના કુટુંબોના નબળા વર્ગો અને વંચિત જૂથોમાં સમાવિષ્ટ બાળકોનો સમાવેશ થશે. અનાથ બાળકો, સંભાળ સંરક્ષણની જરૂરિયાતલાયક બાલગૃહના બાળકો, બાળમજૂર, સ્થળાંતરીત મજૂરના બાળકો, મંદબુદ્ધી, સેરેબ્રલ પાલ્સી, ખાસ જરૂરિયાતવાળા બાળકો, વિકલાંગ (શારીરિક રીતે) એચ.આઈ.વી.થી અસરગ્રસ્ત બાળકોનો નબળા બાળકોનો સમાવેશ થાય છે, તેમ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના તા.૨૩-૫-૨૦૧૩ના ઠરાવમાં જણાવ્યું છે.

વુધુ વિગતો માટે પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અથવા તમામ જિલ્લાની પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની કચેરીનો સંપર્ક કરવો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૧૩

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૭ ટકા ● સાંજે ૭૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેન ઓફ સ્ટીલ ૩ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હે દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦
યે જવાની હે દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,
યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫
યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નામક નાટક પ્રસ્તુત રાત્રે ૯.૩૦ કલાકે

## આપની આજ

**મેષ** : પદ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનુંનિરાકરણ આવી શકેછે. ઘરમાં મહેમાન આવશે.

**વૃષભ** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**મિથુન** : વ્યાપાર સારો ચાલશે. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

**કર્ક** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ.

**સિંહ** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે.

**કન્યા** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બનેછે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થવાની શકયતાઓ છે.

**તુલા** : ન્વ્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

**વૃશ્ચિક** : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

**ધન** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

**મકર** : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

**કુંભ** : ઋણ મુક્ત થશો. મિત્રોનો સહયોગ કાર્યમાં મળશે. પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

**મીન** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રકાશકુમાર જ્યંતિલાલ સોલંકી (ઉ.વ. ૨૫) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મનુજી નાથાજી ઠાકોર (ઉ.વ. ૩૦) ઈન્દિરાનગર, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.